# નાગરિક અધિકાર પત્ર

## ભાષા નિયામકની કચેરી

**બ્લોક નં. ૬/૧, ડો. જે. એમ. ભવન, ગાંધીનગર.**

***<u>પ્રકાશન વર્ષ : એપ્રિલ - ૨૦૦૬</u>***

**રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર.**

---


**<u>સંપર્ક અધિકારી</u>**
શ્રીમતી શિ.મ.ડાભી
ભાષા નિયામકના અંગત મદદનીશ, વર્ગ-૨
ભાષા નિયામકની કચેરી,
ગાંધીનગર.
ફોન નં. ૨૩૨૫૩૬૮૦
ફેક્સ નં. ૨૩૨૫૬૬૩

**<u>રાજ્ય કક્ષાએ સંપર્ક અધિકારી</u>**
શ્રી બી. વી. ગામીત
નાયબ સચિવ,
રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
સરદાર ભવન, સચિવાલય, બ્લોક નં. ૨/૮,
ગાંધીનગર

ફોન નં. ૨૩૨૫૪૬૮૭

**વિભાગની વેબસાઈટ : www.sycd.gov.in.**
**ઈમેઈલ એડ્રેસ : dir-languag@Gujarat.gov.**


## <u>: ભાષાલક્ષી પ્રવૃત્તિઓ :</u>

૧. **<u>ભાષા પરીક્ષાઓ</u> :-**

(બિન ગુજરાતી) સરકારી અધિકારી / કર્મચારીઓ માટેની ગુજરાતી ભાષાની ઉચ્ચ/નિમ્ન અને બોલચાલશ્રેણીની પરીક્ષા વર્ષમાં ચાર વખત અને હિન્દી ભાષાની ઉચ્ચ/નિમ્ન શ્રેણીની પરીક્ષા વર્ષમાં માહે માર્ચ અને સપ્ટેમ્બરમાં એમ બે વખત લેવામાં આવે છે. જે ફરજિયાત છે. તે માટેના નિયત થયેલ ફોર્મ (આવેદનપત્ર) વિના મૂલ્યે પૂરા પાડવામાં આવે છે. પરીક્ષા અંગેની સમય મર્યાદાની તારીખો નિયત કરવામાં આવે છે.

કચેરી ધ્વારા ઉચ્ચત્તર પ્રાવીણ્ય પરીક્ષા, ઐચ્છિક ભાષા કૌશલ, ઐચ્છિક ભાષા કસોટી, ગુજરાતી લઘુલિપિક કક્ષા-૧-૨-૩, માટે સ્વૈચ્છિક શ્રુતલેખન કસોટી, વગેરે જેવી મરજિયાત પરીક્ષાઓ પણ લેવામાં આવે છે.

૨. **<u>તાલીમ વર્ગો</u> :-**

સચિવાલયના અનુભાગ અધિકારી, નાયબ અનુભાગ અધિકારી , કારકુન / ટાઈપિસ્ટ માટે અંગ્રેજી અને હિન્દી ભાષાના ઓપવર્ગો વર્ષમાં ચાર વખત કામકાજના ૧૫ દિવસ માટે યોજવામાં આવે છે.

વહીવટમાં રાજભાષા ગુજરાતીના અસરકારક અમલ માટે શુદ્ધ ગુજરાતી ભાષાના તાલીમવર્ગો ગાંધીનગર અને અમદાવાદ સહિત ૧૦ જિલ્લા મથકોએ વર્ષમાં ચાર વખત ચાર દિવસ માટે યોજવામાં આવે છે.

૩. **<u>પ્રકાશનો</u>:-**

વહીવટમાં ઉપયોગી થાય તેવા શબ્દકોશો, લઘુકોશો,શબ્દસંચયો, તાલીમ સંદર્ભ સાહિત્ય, વગેરે તૈયાર કરવામાં આવે છે. ૧૦ પ્રકાશનો ૩૪ લઘુકોશો અને ૧૭ શબ્દસંચયો તૈયાર કરવામાં આવ્યા છે. રાજભાષા ત્રૈમાસિકના ચાર અંક પ્રગટ કરવામાં આવે છે.

૪. **<u>રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદ :-</u>**

૧૯૯૦ થી રાજયના જુદા જુદા જિલ્લા તથા તાલુકા મથકો ખાતે રાજભાષા

પ્રદર્શન યોજવામાં આવે છે. અત્યાર સુધી ૪૮ પ્રદર્શનો યોજવામાં આવ્યાં છે.

૫. **<u>ભાષાંતર :</u>**

આ કચેરીમાં બિનવૈધાનિક પ્રકારના સાહિત્યનું ભાષાંતર કરવામાં આવે છે જેમાં નામ. રાજયપાલશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રી, માન.મંત્રીશ્રીઓનાં પ્રવચનો,વાર્ષિક અને પંચવર્ષીય યોજનાઓ,અંદાજપત્ર પ્રકાશનો, ઠરાવો, નિયમસંગ્રહો, પરિપત્ર, અહેવાલો, પુસ્તક-પુસ્તિકાઓ, તપાસની ફાઈલલ વગેરેનું ભાષાંતર કરવામાં આવે છે. ૧૦૦ જેટલા નિયમ સંગ્રહોનું ભાષાતર કરવામાં આવ્યું છે.

કચેરીના બધાં જ પ્રકાશનો સરકારી પુસ્તક ભંડાર ભદ્ર, લાલ દરવાજા, અમદાવાદ-૧ ખાતેથી તેમજ સરકારી પુસ્તક ભંડાર, વડોદરા, રાજકોટ અને ભાવનગર ખાતેથી વેચાણથી મળશે.